જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/03/૨૦૧૯ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૪૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ, ૧૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૫ બિયર ટીન, ૧ સ્કુટર, ૨ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૧,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૫૦/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૫૧/૧૯

**વસ્ત્રાપુરઃ** જયદીપભાઇ ભરતબાઇ ભટ્ટ (ઉ.વ.૪૮) (રહે. મેનેજમેન્ટ એન્કલવ ઇન્દ્રપ્રસ્થ બંગાલો સામે વસ્ત્રાપુર) તા.૨૬/૩/૧૯ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર એસ.બી.આઇ બેંકના એ.ટી.એમ.માં પૈસા ભરવા ગયા હતા ત્યારે બે પુરૂષોએ મદદ કરવાના બહાને જયદીપભાઈ પાસેના રૂપિયા ૪૯,૫૦૦/- એ.ટી.એમ.મશીનમાં મુકાવડાવી યુક્તિ-પ્રયુક્તિ કરી પૈસા મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ જયદીપભાઈ ભટ્ટ એ વસ્ત્રાપુર પોલેસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.ગુરુદેવ ચલાવે છે.

**નારોલઃ** વિમલપ્રકાશ રામસ્વરૂપ અગ્રવાલ (રહે. મુધ્યન એપાર્ટમેન્ટ રામદેવનગર સેટેલાઇટ) એ તા.૨૬/૩/૧૯ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૬/૧૭ અગાઉના એક માસથી આરોપી (૧) શોભનાથ રામેશ્વર સિંગ (રહે. બીલ્ડીગ નંબર- સી/૨૮ સેકટર નં-૨ શાંતિનગર મીરા રોડ ઇસ્ટ થાને મહારાષ્ટ્ર અને (૨) નેહાકુમારી ડો/ઓ શોભાનાથ સીંગ (રહે. અવીશહી બિલ્ડિગ પ્રેમનગર શાંતિગાર્ડનની બાજુમા મીરા રોડ ઇસ્ટ થાને મહારાષ્ટ્ર) એ ભેગા મળી નારોલ સેજ્પુર ગોપાલપુર પિરાણા રોડ ઉપર આવેલ નદન ડેનીમ લીમીટેડ ખાતેથી કાપડ ખરીદી કરી બાકી નિકળતા રૂપિયા ૧૧,૯૫,૭૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૫૨/૧૯**

**સેટેલાઇટઃ** પ્રણય ધનંજય ત્રીવેદી (રહે. સાગર સમ્રાટ એપેર્ટમેંટ એલીસબ્રીજ-૬) એ તા.૨૬/૩/૧૯ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૩/૧૯ કલાક ૧૦/૩૦ થી તા.૨૨/૩/૧૯ સાજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ આઝાદ એપાર્ટ્મેન્ટ વિ-૦૧ ખાતે પોતાના મકાનના દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની લગડી નંગ-૩ કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, ચાંદીના બાઉલ નંગ-૨ કિમત રૂપિયા ૧૬,૦૦૦/- ચોરી કરી લઇ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૫૩/૧૯**

**સોલા હાઈકોર્ટઃ** રાધવજીભાઇ ઇશ્વરભાઇ પ્રજાપતી (રહે.વિરકૃપા સોસાયટી પી.ટી.સી.કોલેજ પાછળ ઓગણજ ગામ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૩/૧૯ રાતના ૧૧/૦૦ થી તા.૨૬/૩/૧૯ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન સોલા ઉમીયા કેમ્પસની બાજુમા આવેલ ઉમીયા ટ્રેડીંગ કંપનીના મકાન આગળથી સેન્ટીગના ફર્મા ૭૦ નંગ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- તેમજ કોલમના લોખંડના પડખા ૧૬ નંગ કિમત રૂપિયા ૨,૨૨,૪૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૫૭,૪૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૫૪/૧૯**

**ઓઢવઃ** અશોકભાઇ ધનજીભાઇ ઓડ (રહે. કેશવબાગ સોસાયટી શ્યામવીલા સોસાયટીની બાજુમા કઠવાડા રોડ તાલુકો દસ્ક્રોઈ) તા.૧૨/૦૨/૧૯ રાતના ૮/૦૦ વાગે ઓઢવ સ્મશાન ગૃહ પાછળ આશીષ સીનેમા પાછળ મેદાનમાં પોતાનુ ટાટા કંપનીનુ ડમ્પર નંબર જીજે ૨૩ ડબલ્યુ ૯૫૪૯ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૧૩/૩/૧૯ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અશોકભાઈ ઓડ એ તા.૨૬/૩/૧૯ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૫૫/૧૯**

**ખોખરાઃ** મિતાબહેન વા/ઓ સુભાષભાઇ (ઉ.વ.૫૧) (રહે. સત્યનારાયણ રો-હાઉસ શિવમ હોસ્પીટલ પાછળ જશોદાનગર ખોખરા) તા.૨૦/૩/૧૯ સાજના ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે દીવાબત્તી કરતા હતા ત્યારે દીવાની ઝાળ સાડીને અડી જતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૩/૧૯ રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૬/૧૯</u>**

**નારોલઃ** નારોલ વટવા રોડ લાંભા ઓમ શાંતિ ગોલ્ડ ખાતે રહેતા કુંતલભાઈ બંસીકુમાર વ્યાસ (ઉ.વ.૩૯) ની ૪ વર્ષની પુત્રી પરી તા.૨૬/૩/૧૯ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા રમતા ચોથા માળે ગેલેરીમાથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પિટલ લઈ જતા સારવાર દરમ્યાન ૪/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મફતસિંહ ગકુરસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૭/૧૯</u>**

**સાબરમતીઃ** મનિષા ડૉ/ઓ ભરતભાઇ ઠાકોર (ઉ.વ.૧૯) (રહે. કનૈયાલાલ ઇશ્વરલાલની ચાલી જે.પી.ની ચાલી સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૬/૩/૧૯ બપોરના સમયે પોતાના ઘરે છતની એંગલમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુ.કે.પંડ્યા ચલાવે છે.

**ચાંદખેડાઃ** હરેશસિંહ ગોકુતસિંહ ચૌહાણ (ઉ.વ.૪૩) (રહે. સહજાનંદપાર્ક સામે સાઇબાબા મંદિર પાસે છાપરામાં મોટેરા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૩/૧૯ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળીઓ ખાઈ લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**શાહીબાગઃ** જેસીંગભાઇ નટવરલાલ બારોટ (ઉ.વ.૬૭) (રહે. નવી ભોગીલાલની ચાલી અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૬/૩/૧૯ બપોરના ૨/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ખાંટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.